# હાર્દિક પટેલ ૨૫મી ઓગસ્ટથી આમરણાંત ઉપવાસ પર

અમદાવાદ,તા. ૮

છેલ્લા ઘણા સમય બાદ હવે પાટીદાર નેતા હાર્દિક પટેલે અનામત મુદ્દે આજે આરપારની લડાઈની જાહેરાત કરી હતી અને પાટીદાર સમાજને અનામતની માંગણી મુદ્દે તા.૨૫મી ઓગસ્ટથી આમરણાંત ઉપવાસ પર બેસવાનું એલાન કર્યું હતું. ભાજપ સરકાર દ્વારા અનામતના મુદ્દાને કોરાણે મૂકી દીધો હોઈ હવે સમય પાકી ગયો છે કે, પાટીદારોને અનામતના મુદ્દે આરપારની લડાઈ લડવી પડશે. તા.૨૫મી ઓગસ્ટથી હું અનામત નહી મળે ત્યાં સુધી આમરણાંત ઉપવાસ પર ઉતરીશ અને અન્ન જળનો ત્યાગ કરીશ. ગુજરાતમાં આ સૌથી મોટુ ઉપવાસ આંદોલન બનશે કે જેમાં રાજયભરમાંથી અને રાજય બહારથી હજારો લોકો જોડાવવા માટે આવશે. આ સિવાય ગુજરાતમાં જિલ્લા-તાલુકા કક્ષાએ પણ લોકો ઉપવાસ આંદોલનમાં જોડાઈ સહયોગ આપશે. હાર્દિક પટેલે એક તબક્કે એવી પણ તૈયારી બતાવી હતી કે, જો સરકાર બિનઅનામત વર્ગ માટે અનામત આપવાની પ્રક્રિયામાં પાટીદાર સમાજને સાથે રાખે અને તે મુજબ અમને લાભ આપે તો પણ અમને વાંધો નથી. તેણે વધુમાં જણાવ્યું કે, સરકારે બધાના હિતને ધ્યાનમાં રાખી વાત કરવી જોઈએ. બંધારણમાં મળી શકે એ રીતે પાટીદાર સમાજને પણ અનામતનો લાભ સરકારે આપવો જોઈએ. સરકાર અનામત મુદ્દે અમને સાંભળવા તૈયાર નથી અને તેથી હવે હું તા.૨૫મી ઓગસ્ટથી આમરણાંત ઉપવાસ પર ઉતરનાર છું. એ દિવસથી હું જયાં સુધી અનામત નહી મળે ત્યાં સુધી અન્ન જળનો ત્યાગ કરીશ. આ ઉપવાસ આંદોલનમાં ગુજરાતભરમાંથી લોકો મારા સહયોગમાં જોડાશે. એટલું જ નહી, રોજ એક વ્યકિત મુંડન કરાવી સરકારને જગાડવાનો પ્રયાસ કરશે. આ સિવાય અમદાવાદમાં ૬૦ કિલોમીટરની આસપાસ શહીદ યાત્રા ફરશે. શહેરના પાટીદાર વિસ્તારો જેવા કે, બોપલ, ઘાટલોડિયા, કે.કે.નગર, હીરાવાડી, નિકોલ, વસ્ત્રાલ સહિતના વિસ્તારોમાંથી શહીદ યાત્રા પસાર થશે. આ યાત્રાથી શહીદોને ન્યાય અપાવવા અને આંદોલનને ફરીથી ઉભુ કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. તેણે વધુમાં ઉમેર્યું કે, તા.૨૫થી ૨૯ ઓગસ્ટ દરમ્યાન પણ રાજયના વિવિધ સ્થળોએ લોકો ઉપવાસ આંદોલનમાં પ્રતિક ઉપવાસ કરી સાથ આપશે. ઉપવાસ આંદોલનને લઈ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ મુદ્દે હાર્દિકે સ્પષ્ટતા કરી હતી કે, જો પોલીસ પક્ષપાત નહી કરે તો કોઈ પ્રોબ્લેમ નહી થાય, અન્યથા અગાઉની જેમ જો પોલીસ પાટીદારો પર અત્યાચાર કર્યા હતા તેવી પરિસ્થિતિનું નિર્માણ કરશે તો કંઈપણ થશે તો તેની જવાબદારી સરકારની રહેશે. પોતાના ઉપવાસ આંદોલન માટે તે જિજ્ઞેશ મેવાણીને મળવાની પણ હાર્દિક પટેલે વાત કરી હતી. જેથી આગામી સમયમાં હવે પાટીદાર અનામતનુ ભૂત ફરી ધૂણશે તે નક્કી છે. સરકાર, વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર દ્વારા હાર્દિકના આંદોલનને ખાળવા અત્યારથી વિચારણા શરૂ કરાશે.





## ચિલોડા સર્કલ પાસે નડતરરૂપ દબાણો હટાવાતા બીજા દિવસે વેપારીઓએ સ્વયંભૂ બંધ પાળ્યો

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથક સૌનું આકર્ષણ કેન્દ્ર બન્યું છે ત્યારે આ વિસ્તારના મુખ્ય જાહેરમાર્ગની આસપાસ બિન ગેરકાયદેસર રીતે દબાણકારોને લીધે ટ્રાફિક સમસ્યા દિનપ્રતિદિન વધતા માથાના દુઃખાવા સમાન બની રહી છે. જેને લઈને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વાહનચાલકો અને રાહદારીને આવા દબાણો હટાવી કંઈક અંશે રાહત મળે તેવા હેતુસર દબાણ દૂર કરવાની તથા હટાવવાની કામગીરી શનિવારે આરંભાઈ હતી. જેમાં સર્કલને જોડતા મુખ્ય માર્ગ હિંમતનગર-ગાંધીનગર, દહેગામ, સાદરાના જાહેરમાર્ગની આસપાસના નડતરરૂપ દબાણો હટાવવાની કામગીરી શરૂ કરતાં દબાણકારોમાં ધંધા-રોજગાર અંગે ફફડાટ વ્યાપી ગયો હતો. આ અંગે બીજા દિવસે રવિવારે દબાણતંત્ર ત્રાટકવાની દહેશતથી દબાણકારોએ સ્વયં ધંધા-રોજગાર બંધ રાખી સ્વયં બંધ પાળ્યો હોય તેવા દશ્યો જોવા મળી રહ્યા હતા. હાલમાં દબાણકારોમાં ભારે નિરાશા પ્રવર્તવા પામી છે.

# કાંકરેજ તાલુકાના ચેખલા ગામના વિદ્યાર્થીની બાળ સુરક્ષા અધિકારીને રજૂઆત

## પોલીસ દ્વારા ચોર સમજી ઢોર માર મરાયો હતો

કાંકરેજ તાલુકાના ચેખલા ગામના લુહાર બલદેવ અરજણભાઈ જે ખિમાણા હાઈસ્કૂલ મા દસમા ધોરણ મા અભ્યાસ કરે સે અને તે થોડા સમય પહેલાં દિયોદર પોતાના યુનિફોર્મ અને અભ્યાસના સાધન



સામગ્રી ખરીદવાના કામે દિયોદર ગયો હતો ત્યાં દિયોદર પોલીસ ના બે પોલીસ કોન્સ્ટેબલો દ્વારા તેને પકડી પાડી તું ચોર સે તેમ કહી જાહેરમાં માર માર્યો ત્યારબાદ પોલીસ સ્ટેશન લઈ જઈ ને ઢોરના માફક માર મારતા બેભાનાવસ્થા મા થઈ ગયો હતો અને તેમનાં સગા સંબંધીઓ અને તેના પિતા એ શોધખોળ આદરી હતી ત્યારે તેમને જાણવા મળ્યું કે બલદેવ દિયોદર પોલીસ સ્ટેશન મા સે ત્યારે તેઓ ભાંગી પડ્યા હતા અને તેમનાં સગા દ્વારા આજીજી કરી બીજા દિવસે પોલીસ માંથી મુક્ત કરાવ્યો હતો અને તત્કાલીન શિહોરી સરકારી હોસ્પિટલ મા સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો જોકે તબિયત વધુ ખરાબ હોવાથી પાટણ ધારપૂર ખાતે રિફર ર્ક્યો હતો અને ત્યાં જીરો પોઈન્ટ થી ફરિયાદ દાખલ થયા બાદ તેને પ્રાઈવેટ હીનય બારોટ ના દવાખાના મા સારવાર આપવી હતી અને અત્યારે બલદેવ લુહાર ચાલી શકે તેવી પોજીશન મા નહીં તે પથારી વશ સે અને તેમને બાળ સુરક્ષા અધિકારી પાલનપુર બનાસકાંઠા ને લેખિત રજૂઆત કરી ન્યાય માટે માગણી કરતાં તંત્રના અધિકારીઓ હરકત મા આવ્યા સે જોકે પોલીસ વિભાગ દ્વારા હજુસુધી કોઈ પગલાં ના લેવાતાં નિર્દોષ વિધાર્થી ને ચોર સાબિત કરવા દિયોદર પોલીસ મથામણ કરીરહી સે અને પોલીસ ચોપડે બીજા ઘરફોડ ચોરીના આરોપીઓ એ બલદેવ લુહાર નું નામ ખોલ્યું હોવાના ગાણાં પોલીસ ગાયસે ત્યારે જિલ્લા પોલીસ વડા આબાબતે સાચી તપાસો કરી સત્યના વારે આવે એ જરૂરી અન્યથા આવા કેટલાય નિર્દોષ લોકોના નામ ખોટા કેસો મા આવા બેફામ બનેલા પોલીસ કર્મીઓ ઘુસાડી દેશે ત્યારે એક અખબાર મા ખોટા સમાચાર સપાતા ચેખલા ગ્રામજનો રોષે ભરાયા હતા અને જેમાં કોઈ પોલીસ સ્ટેશન કે આરોપીના નામ વગરના આં સમાચાર પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબના હતા એ કેટલી હદે સાચું કહેવાય આમ દિયોદર ના બે પોલીસ કર્મીઓ એ બલદેવ લુહાર ને માર મર્યો એમની સામે કડક મા કડક પગલાં ભરી બંને પોલીસ ને સસ્પેન્ડ કરી કાયદેસર ની કાર્યવાઈ કરવામાં આવે તેવી ખિમાણા હાઈસ્કૂલ અને સમગ્ર ચેખલા ગ્રામજનો ની લાગણી સાથે માંગણી ઉઠવા પામી સે ત્યારે હવે જિલાના અધિકારીઓ બલદેવ લુહાર ને ન્યાય આપશે કે કેમ તે જોવું રહ્યું



**એસ.જી અંગ્રેજી મીડિયમ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ મહાત્મા મંદિરની મુલાકાત લીધી**

એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના ધો -૫ ના ૩૦૦ વિદ્યાર્થીઓએ સેક્ટર-૧૪ માં આવેલ મહાત્મા ગાંધી મંદિરની મુલાકાત લીધી હતી. બાળકોએ ગાંધીજીના જીવન વિશેનો વિડિયો તેમજ પ્રદર્શન નિહાળ્યું હતું. આ વિદ્યાર્થીઓ સાથે શાળાના ધોરણ-૫ના શિક્ષકો સાથે ગયા હતા. બાળકોએ ઉત્સાહભેર ગાંધી મંદિરની મુલાકાત લીધી હતી.

# ચિલોડા સર્કલથી પસાર થતી લકઝરીમાંથી એક પેટી દારૂ પકડાયો

ગાંધીનગર, તા.૮

રાજસ્થાન તરફથી આવતી લકઝરીઓમાંથી વિદેશી દારૂ પકડાવાનો સિલસિલો હજુ યથાવત છે. ચિલોડા પોલીસ અગાઉ પણ ત્રણેક લકઝરીઓ પકડી હતી જેમાં વિદેશી દારૂની બોટલોની હેરાફેરી થતી હતી. અગાઉના કેસોમાં ચિલોડા પોલીસે લકઝરીઓ પણ જપ્ત કરી લીધી હતી અને ડ્રાઈવર સામે પણ ગુના દાખલ કર્યા હતા. પરંતુ શુક્રવારે ચિલોડા સર્કલથી પકડાયેલી એક લકઝરી માંથી પોલીસે એક પેટી પકડાયેલો દારૂ જપ્ત કર્યો અને ક્લીનરની ધરપકડ કરી પરંતુ ડ્રાઈવર અને લકઝરીને રવાના કરી દીધા હતા.

મળતી વિગત મુજબ શુક્રવારે રાત્રે ચિલોડા પોલીસ બાતમીના આધારે ચિલોડા સર્કલ પાસેથી એક લકઝરી પકડી હતી જેમાં એક પેટી વિદેશી દારૂનો જથ્થો ભરેલો હતો અને લકઝરીમાં રાજસ્થાનથી ગુજરાતમાં લવાયો હતો. આર.જે ૧૮ પી.એ ૯૧૮૩ નંબરની લકઝરી ચિલોડા પોલીસે બાતમીના આધારે ચિલોડા સર્કલ પાસેથી પકડી અંદરથી તપાસ કરતા ડેકીમાંથી એક પેટી વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે ૧૨ નંગ વિદેશી દારૂની બોટલો સાથે રાજસ્થાનના ઝુનઝુન જીલ્લાના ક્લીનર બિજેન્દર મણીરામ મિણાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જો કે આ કેસમાં ચિલોડા પોલીસે અગાઉની જેમ લકઝરી જપ્ત કરવાનું કોઈ કારણોસર ટાળ્યુ હતું. તે ઉપરાંત ડ્રાઈવર સામે પણ કાર્યવાહી થઈ ન હતી. ચિલોડા પોલીસે રૂ.૪૮૦૦ની કિંમતનો દારૂ જપ્ત કરી ક્લીનરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સતલાસણાના ખોડામલી નજીક હત્યા કરાયેલ મૃતદેહ મળી આવતા ચકચાર

ખેરાલુ,તા.૮

સતલાસણા તાલુકાનાં ખોડામલી ગામની સીમમાં આવેલી સરસ્વતી ક્વોરી જવાના રસ્તાની બાજુમાં હત્યા કરાયેલી અજાણ્યા પુરૂષની લાશ મળી આવતાં ચકચાર મચી ગઈ છે. પોલીસની તપાસ દરમિયાન મૃતકની આંખમાં મરચું નાંખી, સુતરની દોરી વડે ગળે ટૂંપો આપીને મોત નીપજાવ્યા બાદ પુરાવાનો નાશ કરવા માટે જ્વલનશીલ પદાર્થ છાંટીને લાશ સળગાવી દીધી છે. સતલાસણા પોલીસે હત્યાનો ગુનો નોંધીને લાશની ઓળખ તેમજ હત્યાનાં કારણો અંગે તપાસ હાથ ધરી છે. સતલાસણા પોલીસ સ્ટેશનનાં સૂત્રો પાસેથી મળેલી માહીતી મુજબ શનિવારે સવારે ૯-૩૦ કલાક પહેલાં આ લાશ મળી હતી.મરણ જનાર એક અજાણ્યો ઈસમ છે. તેની ઉંમર આશરે ૨૫ થી ૩૦ વર્ષની વયની છે.આ ઈસમને કાવતરૂ રચીને આંખમાં મરચું નાંખી ગળામાં સુતર જેવી દોરીથી ટૂંપો આપીને મારી નાંખવામાં આવ્યો છે.જયારે લાશની ઓળખ છુપાવવા માટે જ્વલનશીલ પદાર્થ છાંટીને લાશને સળગાવી પુરાવાનો નાશ કરવાની કોશિશ કરવામાં આવી હતી. આ અંગે સતલાસણા પોલીસે હત્યા તેમજ પૂર્વ આયોજીત કાવતરાની કલમ હેઠળ ગુનો નોંધીને લાશની ઓળખ તેમજ હત્યાનાં કારણોની તપાસ સાથે ભેજ ઉકેલવાના પ્રયાસો હાથ ધર્યા છે. જયારે લાશની ઓળખ નહીં થઈ હોવાથી જિલ્લાનાં તમામ પોલીસ સ્ટેશનો પર લાશનો ફોટોગ્રાફ અને માહીતી મોકલવામાં આવી છે.

# સેવાભાવી સંસ્થા દ્વારા રાહેલબા વૃદ્ધાશ્રમના વડીલોની શ્રવણયાત્રા

ચિલોડા, તા. ૮

જનસેવા એજ પ્રભુસેવાના મંત્રને ચરિતાર્થ કરવા સેવાભાવી સંસ્થાઓ સમાજમાં માનવતાના ધોરણે હજુ સાચેજ જીવંત છે. ત્યારે સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરો એક પ્રસંગ એટલે વડીલોની



શ્રવણયાત્રા. દર્શન રસિકભાઈ મોદી મેમોરીયલ ટ્રસ્ટના પ્રમુખ રસિકભાઈ મોદી અને નિરંજનાબેન મોદી દ્વારા મગોડી રાહેલબા વૃદ્ધાશ્રમ મેઘાણીનગર, સખીમંડળ, વિકલાંગ ગ્રૃપ કુલ ૧૧૦ લાભાર્થીઓને સુંદર શ્રવણયાત્રા કરાવી હતી.

આ યાત્રા અમદાવાદ, જયપુર, અજમેર, દિલ્હી, આગ્રા, પુષ્કર, વૃંદાવન, ગોકુલ મથુરા જેવા ધાર્મિક સ્થળોના દર્શન કરાવતાં વડીલોએ ધન્યતા અનુભવી હતી. આ દસ દિવસની શ્રવણયાત્રા વિના મુલ્યે કરાવવામાં મહેન્દ્રભાઈ ચોકસી, દશરથભાઈ મોદી, મધુબેન મોદી, મિત્તલબેન અને રાહેલબા વૃદ્ધાશ્રમના સંચાલિકા નિર્મળાબેન અને યશવંતસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો. આ શ્રવણયાત્રામાં મગોડી વૃદ્ધાશ્રમના ૪૫ વડીલોમાં મંદબુદ્ધિ, બીનવારસી, ઘરથી તરછોડાયેલા, વૃદ્ધ સ્ત્રી-પુરૂષોની હરહંમેશ સેવાભાવી સંસ્થા અને પરોપકારી વ્યક્તિઓના સહયોગથી સુચારૂ વહીવટ ચાલે છે.

તાજેતરમાં વી.કેર ફાઉન્ડેશન દ્વારા રાહેલબા વૃદ્ધાશ્રમમાં ૨૫ કિલો ખાંડ, ૨૫ કિલો તુવેરદાળ, ૨ કિલો ચા, તેલના ડબ્બા-૨, ૨૫ કિલો ચોખા, ૧૦ કિલો મગ, ચણા- ૩ કિલોનુ કરીયાણુ સામગ્રી જરૂરીયાત મુજબ પુરી પાડી માનવતાની મહેંક પ્રસરાવી હતી.

## ફસાયા છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બેઝકેમ્પથ નિકળવાની મંજુરી આપવામાં આવી નથી. જે શ્રીનગર પહોંચી ચુક્યા છે અને કાશ્મીરના રસ્તા પર છે તેમને જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ ઉપર જુદા જુદા સ્થળો ઉપર રોકી દેવામાં આવ્યા છે. બુરહાનની બીજી વરસી પર કટ્ટરપંથીઓ દ્વારા બંધનું એલાન કરવામાં આવ્યા બાદ સુરક્ષા મજબૂત રાખવામાં આવી હતી. રામબાણના પોલીસ કર્મીએ કહ્યું છે કે, ગઈકાલે પણ બે હજાર શ્રદ્ધાળુઓને રોકી દેવામાં આવ્યા હતા. ગંદરબાલ જિલ્લામાં અમરનાથ યાત્રાના બાલતાલ આધાર કેન્દ્રમાં એક મહિલા શ્રદ્ધાળુનું મોત થઈ ગયું છે. આની સાથે જ આ વર્ષે અમરનાથ યાત્રામાં ૧૩ શ્રદ્ધાળુના મોત થઈ ચુક્યા છે. હૈદરાબાદની મહિલા લક્ષ્મીબાઈનું બાલતાલ આધાર કેન્દ્રમાં મોત થયું છે. ભારે વરસાદ અને ખરાબ હવામાન વચ્ચે બે બેઝ કેમ્પ સહિત જુદા જુદા માર્ગો અને સ્થળ પર ૩૦ હજારથી વધારે શ્રદ્ધાળુઓ હાલમાં અટવાઈ પડ્યા છે. અમરનાથ યાત્રા શરૂ થયા બાદથી હજુ સુધી ૭૩ હજાર શ્રદ્ધાળુઓ દર્શન કરી શક્યા છે. દર્શન કરનાર શ્રદ્ધાળુઓની સંખ્યા ૭૩૦૨૩ નોંધાઈ છે.જમ્મુ કાશ્મીરમા ખરાબ હવામાનના કારણે અમરનાથ યાત્રા ઉપર પ્રતિકુળ અસર થઈ છે. અમરનાથ ગુફા તરફ દોરી જતાં બાલતાલ માર્ગ ઉપર ભારે વરસાદના લીધે હાલત કફોડી બનેલી છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે બાલતાલ કેમ્પથી ૧૪ કિલોમીટરના અંતરને પાર કરવાની બાબત હમેશા પડકારરુપ રહે છે. ૨૮મી જૂનના દિવસે અમરનાથ યાત્રાની શરૂઆત થઈ હતી. ત્યારબાદથી સતત વરસાદ થવાના કારણે યાત્રામાં વારંવાર અડચણો આવી રહી છે. ૩૦મી જૂનના દિવસે દિવસ દરમિયાન યાત્રાને રોકવામાં આવી હતી. બે મહિના સુધી ચાલનાર આ યાત્રામાં બે લાખથી વધુ શ્રદ્ધાળુઓ નોંધણી કરાવી ચુક્યા છે. ૨૬મી ઓગસ્ટના દિવસે અમરનાથ યાત્રા પૂર્ણ થનાર છે.

## વરસાદ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોટાભાગના લોકોની રજા રહી હતી. શનિવારના દિવસે જ નાગપુર, ઔરંગાબાદ, નાંદેદ, અકોલા, વર્ધા, ચંદ્રપુર અને કોંકણમાં ભારે વરસાદની ચેતવણી જારી કરાઈ હતી. બચાવ અને રાહત કામગીરી ઘણા વિસ્તારમાં હાથ ધરવામાં આવી છે. એનડીઆરએફની ટીમ પણ તૈનાત કરવામાં આવી છે. મુંબઈમાં તમામ નિચાણવાલા વિસ્તારો જળબંબાકાર રહ્યા હતા. ઉપનગરીય ટ્રેન સેવાને પણ અસર થઈ હતી. દેશના વાણિજય પાટનગર ગણાતા મુંબઈના જુદા જુદા ભાગોમાં ગઈકાલે શનિવરાના દિવસે ભારે વરસાદ થયો હતો. જેના લીધે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું. થાણે, કલ્યાણ, નવી મુંબઈના જુદા જુદા વિસ્તારોમાં ભારે વરસાદ પડ્યો હતો.

## સંમત

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે ચૂંટણી કરાવવાને લઈને તરફેણ કરે છે. ૨૦૧૯માં આ પ્રક્રિયા શરૂ થઈ જાય તેવી અમારી ઈચ્છા છે. સાથે સાથે જો રાજનેતા પાર્ટી બદલે છે અથવા તો હોર્સ ટ્રેડિંગમાં પકડાય છે તો રાજ્યપાલને તેમના ઉપર એક સપ્તાહની અંદર કાર્યવાહી કરવાના અધિકાર હોવા જોઈએ. ડીએમકેના અધ્યક્ષ સ્ટાલિને ભાજપની દરખાસ્તનો વિરોધ કર્યો હતો.

બંધારણના મૂળભૂત સિદ્ધાંતોના વિરોધમાં આ વાત હોવાની રજૂઆત કરી હતી. બેઠકના પ્રથમ દિવસે શનિવારના દિવસે વિરોધ પક્ષોએ ભાજપના આ પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો. એટલું જ નહીં ભાજપના સાથી પક્ષ ગોવા ફોરવર્ડ પાર્ટી દ્વારા પણ વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. તૃણમુલ કોંગ્રેસ તરફથી બેઠકમાં હાજરી આપવા માટે પહોંચેલા સાંસદ કલ્યાણ બેનર્જીએ પણ આના ઉપર વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, બંધારણની મૂળભત રચનામાં કોઈ ફેરફાર કરી શકાય નહીં.

## ગણતરીમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને આ આંકડાઓ તો જે મકાનો છે એમાં માત્ર રહેણાંકનો ઉપયોગ થાય છે એના જ છે. જો મકાનનો રહેણાંક ઉપરાંત અન્ય ઉપયોગ થતો હોય એની વિગતો જોઈએ તો સ્થિતિ વધુ વણસેલી જણાય છે. જ્યાં મકાનનો રહેવા ઉપરાંત અન્ય ઉપયોગ થતો હોય એવી વિગતો જોઈએ તો ગાંધીનગર શહેર-ગ્રામ્યમાં દર હજારે ૨૫ રહેણાંક તદ્દન બિસ્માર હાલતના હોવા છતાં તેનો રહેણાંક તરીકે ઉપયોગ થાય છે. જો શહેર અને ગ્રામ્યના સંદર્ભમાં જોઈએ તો ગ્રામીણ કક્ષાએ દર હજારે ૩૨ અને શહેરી વિસ્તારમાં દર જારે ૧૭ જનગણના મકાનો એવા છે જ્યાં રહેણાંકની સ્થિતિ જીર્ણશીર્ણ છે છતાં ત્યાં વસવાટ ચાલુ છે.

ગાંધીનગર સમગ્ર જિલ્લા કે ગાંધીનગર શહેર અથવા તો ગાંધીનગર ગ્રામ્યની રહેવા માટેના મકાનોનું જીર્ણશીર્ણતાનું સ્ટેટસ સુધારવું જ રહ્યું. કારણ કે ગાંધીનગરની સરખામણીએ આદિવાસી બાહુલ્ય ધરાવતા ડાંગ, તાપી, વલસાડ અને ભરૂચની સ્થિતિ સારી છે, એ ભુલવું ના જોઈએ. આપણે તો ઈચ્છીએ કે પ્રાદેશિક ભારતના એક ભાગ તરીકે સમગ્ર ગુજરાતનું રહેણાંક મકાનોની સ્થિતિ વધુને વધુ પ્રમાણમાં સારી, રહેવાલાયક-આરોગ્યપ્રદ બની રહે.

(લેખક સમાજશાસ્ત્રના સહ પ્રાધ્યાપક છે)

## ફુટપાથ બનશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઠેકાણે ફુટપાથ પર જોવા મળતા ગાબડા પુરાય અને ખખડતી ચેકર ટાઈલ્સ પણ યોગ્ય થાય તેવુ આયોજન કરવા પણ માંગ ઉઠવા પામી છે. ફુટપાથ નિર્માણની સાથે જાળવણીનુ કામ વિસરાઈ ગયુ છે. ત્યારે સિનિયર સિટીઝન્સ અને મહીલાઓને પણ હાલાકી વેઠવી પડે છે. જેને ધ્યાને લઈ નવી ફુટપાથના નિર્માણની સાથે ફુટપાથના રીપેરીંગનુ કામ પણ હાથ ધરાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## ચોમાસા બાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પુર્ણ કરી દેવાયુ છે. જયારે આગામી દિવસોમાં નગરના બાકી રહેતા મુખ્ય માર્ગોની સુધારણાનુ કામ પણ હાથ ધરાશે. આ ઉપરાંત જુના સેકટરોમાં પણ બાકી રહેતા આંતરિક માર્ગોની સુધારણાનુ કામ પણ ઝડપથી હાથ ધરાય તેવી માંગણી પણ સ્થાનિકોએ અનેકવાર રજુ કરી છે. જો કે આગામી બે મહીના સુધી વરસાદી દિવસોના લીધે માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવશે નહી.

## તાળુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહીલાઓમાં ભયની લાગણી વ્યાપી છે. જયારે એસ ટી ડેપોમાં મુસાફરોને લગતી અન્ય સુવિધાઓ પણ ઉપલબ્ધ નથી. આવા સંજોગોમાં ડેપોમાં જરૂરી સુવિધાઓ ઉભી કરવા પણ માંગ ઉઠવા પામી છે. વધુમાં એસ ટી ડેપોમાં દાયકા પુર્વે કાર્યરત દવાખાનુ પણ બંધ કરી દેવાયુ છે. આ દવાખાના માટે અગાઉ જગ્યા ફાળવવામાં આવી હતી.

જયારે આ ઠેકાણે ડોકટર સહીત સ્ટાફ પણ આવતો હતો. પરંતુ છેલ્લા એક દાયકાથી આ દવાખાનુ પણ બંધ છે. જયારે કોઈ દુર્ઘટના વેળાએ ડ્રાઈવર કંડકટર કે મુસાફરોને ડેપો સંકુલમાંથી જ પ્રાથમિક સુવિધાઓ મળી રહે તેવુ આયોજન પણ પાટનગરના ડેપોમાં કરવામાં આવ્યુ હતુ. પરંતુ આ દવાખાનુ બંધ હોવાથી આરોગ્ય સેવા પણ ખોરવાઈ ગઈ છે. એકબાજુ ડેપોને મોડેલ ડેપો બનાવાવ માટે આયોજન કરવામાં આવી રહયુ છે. ત્યારે દવાખાનુ પુન : શરૂ કરવા માટે પણ માંગ ઉઠવા પામી છે.

## અકબંધ રહેશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવાનો નિર્ણય પણ કર્યો છે. જેડીયુ રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં મુખ્યમંત્રી નીતિશકુમાર વિશેષરીતે ઉપસ્થિત રહ્યા હતા. પાર્ટીના નેતા અને મુખ્યમંત્રીને પાર્ટીના હિતમાં કોઈપણ મોટા નિર્ણય લેવાની સત્તા સોંપવામાં આવી હતી. બેઠકમાં આ અંગેનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. ભાજપ પ્રમુખ અમિત શાહ આગામી સપ્તાહમાં બિહાર પહોંચી રહ્યા છે. આ ગાળા દરમિયાન તેઓ પાર્ટીના નેતાઓ અને કાર્યકરો સાથે વાતચીત કરશે. તે ગાળા દરમિયાન તેઓ બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારને પણ મળશે. બંને નેતાઓની બેઠકમાં સીટોની વહેંચણીને લઈને કોઈ જાહેરાત કરવામાં આવી શકે છે. બિહારના નેતા અને કેન્દ્રીયમંત્રી ગિરીરાજ સિંહે પ્રતિક્રિયા આપી હતી.

ગિરીરાજસિંહે શનિવારના દિવસે જ બિહારમાં રમખાણના આરોપીઓની મુલાકાત દરમિયાન બિહાર સરકાર ઉપર હિન્દુ લોકોને દબાવવાના પ્રયાસ કરવાનો આક્ષેપ કર્યો હતો. જે રીતે ભાજપના નેતાઓને ફસાવવામાં આવ્યા છે તે કમનસીબ હોવાની વાત ગિરીરાજે કરી હતી. ભાજપ અને જેડીયુ વચ્ચે બેઠકોને લઈને સહમતિ થઈ રહી છે ત્યારે તમામની નજર હવે લોકજનશક્તિ પાર્ટીના પગલા ઉપર કેન્દ્રિત થઈ ગઈ છે.

## બહાર કાઢવા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘટી ગયું છે, જેના લીધે ગંભીર જોખમ વર્તાઈ રહ્યું છે. ત્યારબાદ ઓક્સિજનની પાઈપ ગુફામાં લગાવવામાં આવી હતી.

ગવર્નરે કહ્યું હતું કે, બચાવકર્મી માત્ર ત્યારે આ અભિયાનનો આરંભ કરશે, જ્યારે તેમના પર ઓછો ખતરો મંડરાતો હશે. થાઈલેન્ડની અંદર ૧૬ ફૂટબોલ ટીમના ૧૨ બાળકો અને તેમના ૨૫ વર્ષીય કોચ ૨૩ જૂનથી ગુફામાં ફસાયેલા છે.

એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે, ભારે વરસાદના કારણે ગુફામાં શરણ લીધી હતી અને વરસાદના કારણે ગુફાનો પ્રવેશ દ્વાર બંધ થઈ ગયો હતો. આ બાળકોની ઉંમર ૧૧થી ૧૬ વર્ષની વચ્ચે છે.

## કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલું

કાયદાનો ઉદગમ સ્થાન એ મનુસ્મૃતિ છે પરંતુ મનુસ્મૃતિમાં સ્ત્રીના હકકને ગૈણ ગણવામાં આવ્યો છે પરંતુ આધુનિક યુગમાં નારીશક્તિને મહત્વ આપી સ્ત્રી ના હક્કોને અગ્રતા આપવામાં આવેલ છે તેથી તેને ન્યાય અપાવવા માટે હવેથી વિદેશ ભાગી ગયેલા પતિઓને સમન્સ, નોટીસ ઈનટરનેટ મારફત કાર્યવાહી કરવામાં આવતા એનઆરઆઈ સાથે પરણેલ સ્ત્રીઓને અન્યાય થતા ન્યાય આપવો સરળ બનશે અને છેપરપીંડી આચરી લગ્ન કરી વિદેશ ભાગી જતા એનઆરઆઈ પતિને કાયદો છોડશે નહિ.

## અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

મોવડીમંડળ લોકસભાની ચૂંટણી પૂર્વે રાજ્યની ભાજપી સરકારને ગબડાવવાના પક્ષે નથી, અન્યથા સાત-આઠ જણાને આઘાપાછા કરવાનું અશક્ય નથી. ખાળે નંખાયેલા શંકરસિંહ વાઘેલા જૂથના કૉંગ્રેસી ધારાસભ્યોમાં સળવળાટ વધ્યો છે. બળવાખોર બાપુએ હવે રાજ્યની આખી પ્રજાને બદલે ક્ષત્રિય સમાજના હિતની ચિંતા કરવા માંડી છે. ચોટલી વડા પ્રધાન મોદીની સીબીઆઈ અને ઈડીની ફાઈલોના હાથમાં હોવા છતાં બાપુ લડી લેવાના મૂડમાં હોવાના મીડિયા સંકેતો આપે છે. જોકે રાજકીય વ્યૂહ ખાનગી ખૂણે જ ઘડતા હોય છે. હજુ પુત્ર-પ્રેમમાં લોકસભાની ચૂંટણી લગી શંકરસિંહ ખમૈયા કરે એવું લાગે છે. જોકે, વિપક્ષી એકતાના સંયુક્ત ઉમેદવાર શરદ પવાર બને તો શંકરસિંહબાપુ પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસ ભણી ઢળે એવું ય બને. કૉંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધીને એવી માતૃશિખ મળ્યાની ચર્ચા છે કે પવારને વડા પ્રધાન તરીકે આગળ કરીને જ વિપક્ષી એકતા શક્ય બનશે.

રાજકોટમાં સામે ચાલીને મુખ્ય પ્રધાન રૂપાણી સામે લડી શહીદ થયેલા અબજોપતિ કૉંગ્રેસી આગેવાન ઈન્દ્રનીલ રાજ્યગુરુએ પક્ષમાંથી રાજીનામું આપ્યું છે. એમના પક્ષમાંના પ્રતિદ્વંદ્વી કુંવરજી બાવળિયા ભાજપમાં જઉં જઉં કરતાં છેવટે પક્ષ છોડી ગયા પછીનું ચિત્ર કેવું ઉપસે છે, એ ભણી સૌની નજર ખરી. જામનગર જિલ્લાના કૉંગ્રેસી ધારાસભ્ય વિક્રમ માડમ પણ ફરી લોકસભે જવા ભત્રીજી પૂનમ માડમ સામે ટકરાવાની તૈયારીમાં રહેશે કે વિધાનસભામાં રહીને સંતોષ અનુભવશે, એ નક્કી થવામાં છે. ખેલ બધો સૌરાષ્ટ્ર ભણી મંડાયેલો હોય ત્યારે મોદી-શાહની જોડી પોતીકા ઉત્તર ગુજરાતમાં ઈજ્જત બચાવવા ઠાકોર સેના સાથે કેવી બાજી માંડે છે,એ રખે નજરથી ઓજલ થાય. ભાજપ હોય કે કૉંગ્રેસ, આગામી લોકસભાની આવનારી ચૂંટણી લગી આયારામ-ગયારામનો નવો ખેલ ગુજરાતમાં જરૂર દેખા દેશે. અંતે તો સત્તા એ જ સર્વસ્વ છે.

- haridesai@gmail.com